ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણાને ભાજપમાં આવકારવા માટેના એક કાર્યક્રમનું ગુરુવારે મહાનગર ભાજપ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

ચંદ્રાલા કેસમાં શિક્ષણ તંત્રની ખાસ ટીમ તપાસ હાથ ધરશે

વાલી–સંચાલકના નિવેદન લઈ યોગ્ય તપાસ થશે

ગાંધીનગર, તા. ૧

ચંદ્રાલા સ્થિત શૈક્ષણિક સંસ્થામાં હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીનું કરૂણ અને શંકાસ્પદ મોત નિપજ્યું હોવાના અખબારી અહેવાલ બાદ સફાળા જાગેલા શિક્ષણતંત્રએ આખરે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જિલ્લા શિક્ષણતંત્ર આ મામલે તપાસ કરવા ખાસ ટીમ બનાવી વાલીઓ તેમજ સંચાલકના નિવેદન પણ લેશે.

ચંદ્રાલા સ્થિત શૈક્ષણિક સંસ્થામાં ધો. ૭માં અભ્યાસ કરતી ઈડરની વિદ્યાર્થિની તાવ સહિતની બિમારીમાં સપડાતા તેણીનું મોત નિપજ્યું હતું. જ્યારે આ દરમિયાન અગાઉ હોસ્ટેલના સંચાલક કક્ષાએથી બિમાર વિદ્યાર્થિનીને ઘરે જવા દેવાની મંજૂરી આપવામાં આવી ન હતી. શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થિનીના શંકાસ્પદ મોતથી વિદ્યાર્થીગણ તેમજ વાલીઆલમમાં પણ ઉગ્ર આક્રોશ ભભૂક્યો હતો. આ મામલે શિક્ષણતંત્ર કસુરવારઓને ત્વરિત પગલા લે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી હતી. બીજીતરફ અખબારી અહેવાલના પગલે શિક્ષણતંત્રને ઘટનાની જાણ થતા આ અંગે વિભાગ દ્વારા આખરે તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. તંત્ર કક્ષાએથી શિક્ષણ સંસ્થા પાસેથી મંગાવાયેલા રીપોર્ટમાં આ મામલે વિદ્યાર્થિનીના વાલીને જાણ કરાઈ હોવાનું જણાવાયું છે. બીજી તરફ તેણીના વાલીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે 'અમારી દીકરી અંતિમ શ્વાસ લેતી હતી ત્યારે અમને જાણ કરવામાં આવી હતી.' ખેર આખરે શિક્ષણતંત્રએ બનાવ સંદર્ભે યોગ્ય તપાસ હાથ ધરવા ખાસ ટીમને જવાબદારી સોંપવામાં આવશે. વધુમાં આ અંગે વાલી અને સંચાલકના નિવેદન લઈ તપાસનો દૌર આગળ ચાલશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

મહારાષ્ટ્ર સમાજની બહેનોની ઉજીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧

મહારાષ્ટ્ર સમાજ, ગાંધીનગરના સહમંત્રી કલ્પેશ બાલપાંડેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, મહારાષ્ટ્ર સમાજની બહેનો માટે એક ખાસ બેઠકનું તા. ૩જી નવેમ્બર ૨૦૧૨ના રોજ સાંજે ૪ કલાકે, સમાજ ભવન, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજની સૌ બહેનોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં નાણા વિભાગની ટીમનો ૮ વિકેટે વિજય

ગાંધીનગર, તા. ૧

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધા તાજેતરમાં સેક્ટર-૨૧, જીમખાના મુકામે યોજાઈ હતી. મેચમાં શ્રમ અને રોજગાર વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લઈ ૩૦ ઓવરમાં ૮ વિકેટે ૧૪૫ રન કર્યા હતા અને નાણાં વિભાગે ૧૬.૧ ઓવરમાં ૧૪૮ રન કરી ૮ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો.

શ્રમ અને રોજગાર વિભાગની ટીમના વત્સલ વોરાએ ૭૪ રન, જે.બી. પટેલે ૨૫ રન અને હેતલ પટેલે ૩ ઓવરમાં ૩૪ રન આપી ૧ વિકેટ મેળવી હતી. સમગ્ર ટીમે ૩૦ ઓવરમાં ૮ વિકેટે ૧૪૫ રન કર્યા હતા. જ્યારે નાણા વિભાગની ટીમે ૧૬.૧ ઓવરમાં ૧૪૮ રન કરી ૮ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. ટીમના ધવલ અગ્રાવત ૮૭ રને નોટઆઉટ રહી ૧૬ ચોગ્ગા અને ૧ સિક્સ મારી મેન ઓફ ધી મેચ રહ્યો હતો. કિશોર મોઢાએ ૧૫ રન, કમલેશ સોલંકીએ ૭ રન કર્યા હતા. એચ.ડી. સેઈલર ૧૯ રને નોટ આઉટ રહ્યો હતો. બોલીંગમાં ધવલ અગ્રાવતે ૪ ઓવરમાં ૧ વિકેટ, કમલેશ સોલંકીએ ૬ ઓવરમાં ૧ વિકેટ, શૈલેષ પ્રજાપતિ ૬ ઓવરમાં ૧ વિકેટ, સંદિપ ચાવડાએ ૫ ઓવરમાં ૧ મેઈડન અને ૩ વિકેટ અને એચ.ડી. સેઈલર ૬ ઓવરમાં ૨ વિકેટ મેળવી હતી. નાણા વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ટીમના ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ચૈતન્ય સ્કૂલમાં ઉજીએ પ્રદર્શન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના લેંકાવાડા ગામે આવેલી ચૈતન્ય સ્કૂલના બાળકો દ્વારા તા. ૩જી નવેમ્બર-૨૦૧૨ના રોજ આપણું ગુજરાત અંતર્ગત પ્રદર્શન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદર્શનમાં ગાંધીનગરના જાણીતા લેખક અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટ મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહેશે. સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન યોજાનાર પ્રદર્શનીમાં ઉપસ્થિત રહેવા આચાર્યા પ્રિતા પિલ્લાઈએ ખાસ જણાવ્યું છે.

આદિવાડામાં મકાનમાંથી પોલીસે દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

સે. ૨૧ પોલીસને સંતાડેલી એક પછી એક ૪૧ બોટલ મળી આવી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના આદિવાડા ગામમાં એક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી ખાનગી રીતે ગેરકાયદે દારૂનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે સે. ૨૧ પોલીસની ટીમે આજે બપોરે દરોડો પાડી કંતાનના કોથળા નીચે સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. રૂ. ૨૦,૫૦૦ની કિંમતની બોટલો જપ્ત કરી પોલીસે બુટલેગરની સોધખોળ આરંભી છે.

શહેરના સેક્ટર-૨૧ પોલીસમથકનાં સિનિ. પી.આઈ. એસ.ડી. પટેલને મળેલી બાતમીને આધારે પી.એસ.આઈ. પી. જે. સોલંકી સહીતની ટીમ સાથે તેઓએ આદિવાડા ખાતે દરોડા પાડ્યો હતો. બાતમી મળી હતી કે આદિવાડાના દિલીપસિંહ ઉર્ફે પોપટ રણજીતસિંહ ઝાલા પોતાના મકાનમાં દારૂનો વેપલો કરે છે જેને આધારે ટીમે રેડ પાડીને મકાનમાં તપાસણી કરી હતી. મકાનમાંથી કંતાનના કોથળા નીચે સંતાડી મુકેલી એક પછી એક ૪૧ નંગ વિદેશી દારૂની બોટલો પોલીસને મળી આવી હતી. કિ. રૂ. ૨૦,૫૦૦ની કિંમતની દારૂની બોટલો પોલીસે કબજે લઈ પ્રોહીબીસન એક્ટ મુજબ દિલીપસિંહ ઉર્ફે પોપટ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગુનો દાખલ કર્યો છે. જો કે પોલીસ રેડ દરમ્યાન બુટલેગર પોપટ મકાનમાંથી મળી આવ્યો ન હતો. તેની શોધખોળ માટે પી.એસ.આઈ. પી. જે. સોલંકીએ ચક્રો ગતિમાન કર્યા છે.

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૧

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની કારોબારી સમિતિની બેઠક તાજેતરમાં મળી હતી. પ્રમુખ ખોડીદાસ પરમારના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં ખાલી પડેલ જગ્યાઓના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી તથા નવા વર્ષ નિમિત્તે સ્નેહ મિલન અને સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ આપવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષ માટે ખાલી પડેલ જગ્યાઓમાં ઉપપ્રમુખ તરીકે સુનિલ વાઘેલા, આંતરિક ઓડીટર તરીકે મફતલાલ પરમાર, મંત્રી તરીકે કાલિદાસ પરમાર, સંગઠન મંત્રી તરીકે નટવરલાલ મોઢવાડિયાની નિમણૂંક કરવામાં આવી હતી. નૂતન વર્ષ નિમિત્તે શિક્ષણક્ષેત્રની કામગીરી માટેની સમિતિના હોદ્દેદારોમાં અધ્યક્ષ તરીકે રમેશચંદ્ર પરમારની તથા સભ્ય તરીકે પી.જે. રાઠોડ, મફતલાલ પરમાર અને નટવરલાલ મોઢવાડિયાની નિમણૂંક કરવામાં આવી છે. મફતલાલ પરમાર દ્વારા માર્ચ ૨૦૧૨ થી જુલાઈ ૨૦૧૨ દરમિયાન શિક્ષણમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ઈનામ આપવાના માહિતીના ફોર્મ છપાવવાનો ખર્ચ આપ્યો છે જે અંગેના ફોર્મ સમિતિના ચાર સભ્યો પાસેથી મેળવી લેવા અને ૧૬મી નવેમ્બર સુધીમાં ભરેલા ફોર્મ તેઓને પહોંચાડવા જણાવાયું છે.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો જુડો સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૧

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ જુડો સ્પર્ધા લુણાવાડા ખાતે યોજાઈ હતી. જેમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭ની ખેલાડી બહેનો ઉત્કૃષ્ઠ દેખાવ કરીને ચેમ્પિયન બની હતી.

જુડો સ્પર્ધામાં કોલેજની લક્ષ્મી ચૌધરીએ ૫૨ કિગ્રા. ગ્રુપમાં ગોલ્ડ મેડલ, હિના ચૌધરીએ બ્રોન્ઝ મેડલ, દિપિકા રાઠોડે સિલ્વર મેડલ, ફિંજરી બ્રહ્મભટ્ટે ૪૪ કિ.ગ્રા.માં સિલ્વર અને આશા ચૌધરીએ બ્રોન્ઝ, ડોલી ચૌધરીએ ૫૭ કિ.ગ્રા.માં સિલ્વર, રમીલા શાહુએ બ્રોન્ઝ, સૃષ્ટિ ચૌધરીએ ૬૩ કિગ્રા. ગ્રુપમાં બ્રોન્ઝ અને પાયલ પટેલે બ્રોન્ઝ, સીમા ચૌધરીએ સિલ્વર અને મેઘા પટેલે બ્રોન્ઝ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર ટીમમાંથી ૫ ખેલાડી બહેનો પમી નવેમ્બરે ઈન્ટર ઝોનલ જુડો રમવા જશે. ટીમને માર્ગદર્શન આપનાર વિનોદભાઈ ચૌધરીને અને કોલેજની ટીમને ટ્રસ્ટીઓએ તથા આચાર્યા ડૉ. ઉર્મિલા ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

સુઘડ નર્મદા કેનાલમાં ઝંપલાવી માતા-દીકરીએ જીવનલીલા સંકેલી

સાસરીયાના ત્રાસથી અંતિમ પગલુ ભર્યુ હોવાનો પિતાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક આવેલી સુઘડ નર્મદા કેનાલમાં વાડજની ૨૯ વર્ષીય પરિણીતાએ તેની ૮ વર્ષીય દીકરીને લઈને પડતુ મુકી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. તેણીના સાસરીયાઓ દ્વારા સતત શારીરીક-માનસીક ત્રાસ અપાતો હોવાથી અંતે કંટાળીને અંતિમ પગલુ ભર્યુ છે. અડાલજ પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

નર્મદા કેનાલ સિક્યુરીટી સુપરવાઈઝર આજે સાંજના અરસામાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સુઘડ નર્મદા કેનાલમાં બે મૃતદેહ તરતાં દેખાઈ આવતા તેણે તાત્કાલિક અડાલજ પોલીસને બોલાવીલીધી હતી. પોલીસે બનાવ સ્થળે પહોંચી મૃતદેહ પાણીમાંથી બહાર કઢાવી તપાસ કરતાં બન્ને મૃતદેહ માતા-દીકરીનાં હોવાનું બહાર આવ્યું હતું. અમદાવાદના વાડજ ખાતે શિવ એપાર્ટમેન્ટ અખબારનગરમાં રહેતી ૨૯ વર્ષીય કિરણબેન ધર્મેન્દ્રસિંહ દશરથસિંહ ચૌહાણ અને તેણીની ૮ વર્ષીય દિકરી જાનકી ચૌહાણનો મૃતદેહ પોલીસે પોસમોર્ટમ માટે મોકલી તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે માતાએ દીકરીને સાથે લઈ સુઘડ કેનાલમાં ઝંપલાવી કોઈ અગમ્ય કારણોસર મોતને વ્હાલી કરી લીધુ છે. મૃતક પરિણીતાના પિતાએ પોલીસને જણાવીને આક્ષેપ કર્યો હતો કે તેમની દીકરીને સાસરીયાઓ તરફથી અતિસય ત્રાસ અપાતો હતો જેથી કંટાળીને અંતિમ પગલુ ભરી લેવા મજબુર બની છે. હાલ અકસ્માત મોતના ગુનાને આધારે અડાલજ પોલીસમથકના પી.એસ.આઈ. બી.કે. સોલંકીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આર.જી. પટેલ કન્યા શાળાના વિદ્યાર્થીઓનો સરદાર સરોવરનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કડી સંચાલિત આર.જી. પટેલ કન્યા શાળામાં તાજેતરમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ નર્મદા યોજના કેવડિયા ખાતે સરદાર સરોવર યોજના ડેમ ઉપર પહોંચી પ્રવાસની મઝા માણી હતી.

શાળાના ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં સરદાર સરોવર નર્મદા ડેમનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. કેવડિયા કોલોનીની બાજુમાં સૂરપાણેશ્વર મંદિરના સૌએ દર્શન કર્યા હતા. ચાનાસ્તો કરી કેવડિયા કોલોની ખાતે સરદાર સરોવર યોજના ડેમ ઉપર જુદા જુદા પોઈન્ટ અંગે ગાઈડ દ્વારા સમજ આપવામાં આવી હતી. બપોરના ભોજન બાદ ગરુડેશ્વર અને આજવા સાઈડ સીન કરાવવામાં આવ્યા હતા. સરદાર સરોવર યોજનાની આજુબાજુ કુદરતની રમણિયતા નિહાળી તેમજ નર્મદા યોજના ઉપર જુદા જુદા રાજ્યોને વીજળી તેમજ પાણી યોજનાની માહિતી આપવામાં આવી હતી. શાળાના આચાર્યા સુધાબેન પટેલ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરી વિદ્યાર્થીઓને જ્ઞાન અને આનંદ મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ હતી. શાળાના શિક્ષક મયંકભાઈ પટેલ, કમલેશભાઈ શર્મા, મંજૂલાબેન ચૌધરી, જયશ્રીબેન મહંતે પણ બાળકો સાથે પ્રવાસની મજા માણી હતી.

સ્નેક લવર્સ કલબ દ્વારા ધ સર્પન્ટ સ્ટોરી નામની ૪થીએ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર ખાતે છેલ્લા ૨૧ વર્ષોથી સર્પ બચાવનું કાર્ય કરી રહેલી સ્નેક લવર્સ કલબ દ્વારા આગામી તા.૪થી નવેમ્બર ૨૦૧૨ના રોજ ગાંધીનગર ખાતે ધ સર્પન્ટ સ્ટોરી નામની એક દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ધ સર્પન્ટ સ્ટોરી નામની એક દિવસની શિબિર અમદાવાદ-ગાંધીનગર ખાતે સર્પ બચાવ તથા જાગૃતિના ક્ષેત્રમાં કાર્યરત હોય તેવા લોકો તથા જે લોકો સર્પ વિશે જાણકારી મેળવવા માંગતા હોય તેવા જિજ્ઞાશુ લોકો માટે એક દિવસની કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં સર્પ અંગે સામાન્ય માહિતી અને જાણકારી, સર્પ બચાવ દરમિયાન સર્પને ઓળખવામાં થતી ભૂલો તથા સર્પોની વિવિધ જાતિઓને ઓળખવાની વૈજ્ઞાનિક તથા પ્રાયોગિક પદ્ધતિઓ, સર્પદંશ તેની સારવાર તથા પ્રાથમિક સારવાર તથા સર્પ બચાવનારાઓએ પોતાની આ કામગીરી દરમિયાન અનુસરવા જેવા પ્રોટોકોલ્સ, એથિક્સ જેવી બાબતો અંગે ધર્મેન્દ્ર ત્રિવેદી, જિગર ઉપાધ્યાય અને સંદીપ મિશ્રા જેવા તજજ્ઞો પોતાના અનુભવો જ્ઞાન આધારિત પ્રવચનો આપશે. આ કાર્યક્રમનું સ્વરૂપ વધુ તો જ્ઞાનની આપ-લે એટલે કે ઈન્ટરેક્ટિવ રાખવાનું છે. શિબિરમાં ૫૦ જેટલી મર્યાદિત બેઠકોમાંથી ૨૫ જેટલી નોધણી થઈ ગઈ હોવાથી શકય તેટલા વહેલા નોંધણી કરાવવા ખાસ જણાવાયું છે. નોધણી કરવા માટે ધર્મેન્દ્ર ત્રિવેદીનો મો.નં. ૯૯૦૯૯ ૧૮૫૬૯ પર સંપર્ક કરવો.

રાજ્યકક્ષાની લોન ટેનિસ સ્પર્ધામાં શાંતિનિકેતન પ્રાથમિક શાળાની ખેલાડીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરની શાંતિનિકેતન પ્રાથમિક શાળાની બે ખેલાડી બહેનોએ તાજેતરમાં વડોદરા ખાતેની રાજ્યકક્ષાની લોન ટેનિસ સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કરી રનર અપ રહ્યા હતા અને ગુજરાતની પાંચ પસંદિતા ખેલાડીઓમાં વૈદેહી ચૌધરી અને રૂત્વી ચૌધરીએ સ્થાન મેળવ્યું હતું.

શાંતિનિકેતન પ્રાથમિક શાળા, સેક્ટર-૨૯ની વૈદેહી ચૌધરી અને રૂત્વી ચૌધરીએ રાજ્યકક્ષાની અંડર-૧૪ ગર્લ્સ લોન ટેનિસ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લા કક્ષાની ટીમનું પ્રતિનિધિત્વ કરીને પ્રિ-ક્વાટર ફાઈનલમાં થર્ડ સીડેડ અમદાવાદ શહેરને સીધા સેટોથી ૪-૩, ૪-૧ તથા સીધા સેટોથી સેમી ફાઈનલમાં પ્રથમ સીડેલ અમદાવાદ રૂરલને સીધા સેટોથી ૪-૧, ૪-૨ તથા ફાઈનલમાં વડોદરા સામે ૦-૬, ૬-૧ બાદ નિર્ણાયક ફાઈનલ સેટમાં ૭-૬ ટ્રાઈબ્રેકથી રસાકસી બાદ રનર અપ રહ્યા હતા. સિલેક્શન રાઉન્ડ સાત-સાત જેટલી લીગ મેચ બાદ ગુજરાતની પાંચ સિલેક્ટર ખેલાડીઓમાં વૈદેહી ચૌધરી અને ઋત્વી ચૌધરીએ સ્થાન મેળવ્યું છે. ખેલાડીઓની સિદ્ધિ બદલ આચાર્ય બીપીનભાઈ રાવલ અને રેકેટ એકેડમી અમદાવાદના સંચાલકો તથા મુખ્ય કોચ જિગ્નેશભાઈ રાવલ અને શાળા પરિવારે અભિનંદન પાઠવી જોધપુર ખાતે યોજાનાર નેશનલ સ્કૂલ ગેમમાં ગુજરાતનું નામ રોશન કરવા શુભેચ્છા પાઠવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬

સૂર્યાસ્ત : ૬.૦૧

તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૬૧ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
સ્કાયફલ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૧.૧૫
ઓહ! માય ગોડ : ૨.૦૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૩૦
અજબ ગજબ લવ : ૭.૧૫
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૧૫
અતા પતા લાપતા : ૧૨.૩૦
સન ઓફ રામ : ૫.૩૦
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્કાયફલ : ૮.૧૫, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
સ્કાયફલ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૯.૦૦, ૨.૦૦, ૭.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫
લવ સવ તેય ચીકન ખુરાન : ૪.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાન : ૯.૦૦, ૧૧.૩૦, ૭.૩૦
ઓહ માય ગૉડ : ૨.૧૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૪.૪૫
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
સ્કાયફલ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ચક્રવ્યૂહ : ૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૦૦
અજબ ગજબ લવ : ૨.૦૦
રશ : ૭.૩૦

ચિરાગ, કલોલ

હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : ધર્મ, ધ્યાન સંબંધિત કાર્યોમાં સમય પસાર થશે. આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદોથી બચવું. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

વૃષભ : ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

મિથુન : કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ મળશે. પ્રયત્નો ચાલુ રાખવા. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

કર્ક : વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

સિંહ : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે.

તુલા : પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

ધન : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

મકર : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

કુંભ : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

મીન : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

ચિરવિદાય

● સ્વ. દિનકરલાલ મણીલાલ વાઘેલા (ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૧૩૬/૨, સેક્ટર-૧૪, ગાંધીનગર.